# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ, શિક્ષકશ્રીઓ, વહીવટી કર્મચારીઓ, શાળાના સંચાલકશ્રીઓ, વાલીઓ અને વિદ્યાર્થીઓને જણાવવામાં આવે છે કે, ધોરણ-૧૦ વર્ષ-૨૦૨૩ ની બોર્ડની જાહેર પરીક્ષાના આવેદનપત્રો ઓનલાઇન ભરવાની અંતિમ તા:૦૭/૦૧/૨૦૨૩ છે, જે શાળાઓએ પ્રિન્સીપાલ એપ્રુવલ આપવાનું બાકી છે તેઓએ તાત્કાલિક પ્રિન્સીપાલ એપ્રુવલ આપી દેવાનું રહેશે. આવેદનપત્રમાં કોઇપણ પ્રકારના સુધારા કરવાના બાકી હોય કે પ્રિન્સીપાલ એપ્રુવલ આપવાનું બાકી હોય તો અંતિમ તારીખ.૦૭/૦૧/૨૦૨૩ ના રોજ રાત્રીના ૧૨:૦૦ કલાક સુધી કામગીરી પૂર્ણ કરી દેવાની રહેશે અને કોઇ પણ પ્રકારની વિસંગતતાના કારણે ઓનલાઇન આવેદનપત્ર ભરવામાં મુશ્કેલી થયેલ હોય તેવા કિસ્સામાં તમામ દસ્તાવેજો સાથે કચેરી સમય દરમિયાન બોર્ડની કચેરીનો રૂબરૂમાં સંપર્ક કરી સમયમર્યાદામાં આવેદનપત્ર ભરવા જણાવવામાં આવે છે અને બાકી રહેતી ચૂકવવાની થતી ફી તા.૧૨/૦૧/૨૦૨૩ સુધી ભરી શકાશે.

જેની તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

તારીખ:-૩૧/૧૨/૨૦૨૨
સ્થળ :- ગાંધીનગર